
વા.લ. રૂ. ૧૦૦/-
વા. સ. રૂ. ૧૦૦/-

# સત્યાન્વેષણ

SATYASHODHAK SABHA, SURAT ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૩ Vol. 17 No. 9

# ન્યુટનથી સોમનાથ





નેટ પર તમને ચોક્કસ વાંચવા મળશે :
**www.satyashodhaksabha.com પર જાઓ.**

# સત્યશોધક સભા

**અને**

*નવસર્જન ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે સૅમીનાર*

## વીષય : રમણભાઈ પાઠક અને પેરીયાર

| **:: તારીખ ::** | **:: સ્થળ ::** | **:: સમય ::** |
|---|---|---|
| ૨૪–૯–૨૩ | નવસર્જન ટ્રસ્ટ<br>મજુરા ગેટ, સુરત | સવારે ૧૦.૦૦ થી ૧.૦૦ |
| **અધ્યક્ષ** | | **: અતીથી વીશેષ :** |
| શ્રી માર્ટીન મેકવાન | | ફા. રાજીવ ચક્રનારાયણ |

**:: પેપર રજુ કરશે ::**

**ડંકેશ ઓઝા * વીજય ભગત * સુગીત પાઠકજી**

*આ પેપરો પર ભાગ લેનારાઓએ પોતાના વીચારો રજુ કરવાના રહેશે.*

**(સાંઠ જ વ્યક્તીઓને 'વહેલો તે પહેલા' ના ધોરણે લેવામાં આવશે)**

**આ માટે તા. ૨૨–૯–૨૩ સુધીમાં તમારા નામ અને મોબાઈલ નંબર સાથે નોંધણી કરાવવા વીનંતી.**

**:: નોંધણી માટે ::**

**ડો. સુષ્મા ઐય્યર** મો.–94261 04439, **જાદવ વેકરીયા** મો.–94252 82025, **સુગીત પાઠકજી** મો.–99251 43779 **નો સંપર્ક કરવો.**

**સુષ્મા ઐય્યર, જાદવ વેકરીયા**
મંત્રીઓ

**સુર્યકાન્ત શાહ**
પ્રમુખ

**સવારે ૯.૩૦ કલાકે નોંધણી – સ્વાગત – અંતે ભોજન લઈ છુટા પડીશું**

# સત્યાન્વેષણ

મુખ્ય સંપાદક

સુર્યકાન્ત શાહ

બી. એ. પરીખ
સુગીત પાઠકજી

સંપાદક મંડળ

ડો. સુષ્મા ઐય્યર

મનસુખ નારીયા
જનક બાબરીયા

૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૩ | સળંગ અંક : ૩૮૨ | Vol. 17 No. 9


('સત્યાન્વેષણ' ઉંઝા જોડણીમાં તૈયાર થાય છે, સીવાય કે લેખકની તે માટે અનીચ્છા હોય.)

## ન્યુટનથી સોમનાથ

–સુર્યકાન્ત શાહ

મોટા ભાગના વૈજ્ઞાનીકો આસ્તીક હતા, અને છે. વૈજ્ઞાનીક પદ્ધતીથી સીદ્ધાંત કલ્પના (Hypothesis) ને તપાસવાનું અને તેના આધારે ઉપપત્તી (Theory) અને અંતે સીદ્ધાંત (Principle) તારવવાની નાની શી શરુઆત ન્યુટનથી થઈ એમ કહેવાય. એ પુર્વે આ બધું થતું નહોતું એમ તો કહી શકાય નહીં, પરંતુ તે છુટુંછવાયુ હતું. એનું કોઈ દસ્તાવેજીકરણ થતું નહોતું. ન્યુટને એની વ્યવસ્થીત શરુઆત કરી. દસ્તાવેજીકરણ કર્યું. આથી વીજ્ઞાનના ઈતીહાસમાં એ ન્યુટન યુગ તરીકે ઓળખાયો. ટુંકમાં વીજ્ઞાનને સુદઢ પાયા પર મુકવામાં ન્યુટનનો ફાળો અનન્ય રહયો. આમ છતા, પરીસ્થીતીની કરુણતા એ હતી કે ન્યુટને જે કંઈ શોધ્યું તેમાં એને ગોડનો હાથ જ દેખાયો ! ગુરુત્વાકર્ષણનું આઘાત–પ્રત્યાઘાત, ફલનશાસ્ત્ર વગેરેનો એ સંશોધક છતાં એ બધું જ ગોડના ઈશારે ચાલે છે તેવું તે પ્રમાણીકતાપુર્વક માનતો. આ માટે એ પાદરીઓની નીયમીત મુલાકાત કરતો. આપણા પુર્વ રાષ્ટ્રપતી પોતાના હોદ્દાની ગરીમાને બાજુ પર રાખીને જેમ કેટલાક સાધુને ચરણે બેસતા હતા. તેમ ન્યુટન પણ કરતો. એણે ત્રીપાર્શ્વ કાચની મદદથી પ્રકાશનાં કીરણોમાંના સાત રંગને પારખ્યા હતા. હરખપદુડો થઈને એ તે વાત પોતાના પાદરીને

ભારતીય બંધારણની ૫૧ એ (એચ) કલમ મુજબ વીજ્ઞાન અને વૈજ્ઞાનીક અભીગમનો પ્રસાર કરવા સત્યશોધક સભા 'સત્યાન્વેષણ'નું પ્રકાશન કરે છે. એમાં કોઈ પણ ધર્મ, જ્ઞાતી કે જાતીની લાગણી દુભાવવાનો ઈરાદો નથી. -સંપાદક મંડળ

કરી બેઠો. વીજ્ઞાન પોતે જ પાયામાં ધર્મથી અલગ અને વીરુદ્ધ હોય છે. છતાં પાદરીઓ અણસમજમાં કે સમજીને ન્યુટનને અલગ નહીં કરવા દેવાના હેતુએ કયાં તો એની શોધોના તેઓ વખાણ કરતા. અથવા મૌન રહેતા. બીજી બાજુ જયારે એ સાત રંગની વાત લઈને પાદરીઓ આગળ આલ્યો ત્યારે પાદરીઓએ જોયું કે પુરો આસ્તીક એવો ન્યુટન બાઈબલની વાતોના ફુરચા ઉડાડવા બેઠો છે. આથી એમો ન્યુટનને ખુબ ઠપકાર્યો. બીચારો ન્યુટન હેબતાઈ ગયો. ડીપ્રેશનમાં આવી ગયો. મર્યો ત્યાં સુધી ડીપ્રેશન એનું જીવનસાથી રહયું ! બીજા પણ કેટલાક વૈજ્ઞાનીકો આસ્તીક તો હતા જ, પરંતુ આગળ વધીને પાદરી હતા. એમાંનો એક કોપરનીકસ હતો. એના સુર્યકેન્દ્રી સંશોધનને એણે મરણપર્યંત એટલા માટે જાહેર નહીં કરેલું કે એ જાણતો હતો કે એનું સંશોધન બાઈબલની વાતોથી અલગ અને વીરોધી છે. એ પાદરીનો વ્યવસાય છોડવા માંગતો નહોતો કે જેમાં એ સપાટ પૃથ્વી અને પૃથ્વીકેન્દ્રી વીશ્વના ઉપદેશ આપતો હતો ! આવું અન્ય કેટલાક વૈજ્ઞાનીકો માટે પ્ણ કહી શકાય. એમાં સૌથી મોટો અપવાદ કોઈ હોત તો તે ડાર્વીન હતો. આઈનસ્ટાઈન કેટલીકવાર દુધ–દહીંમાં પગ રાખતા હતા. આથી એમના ઘણા વાકયોને મચડીને આજે પણ આસ્તીકો આઈનસ્ટાઈનને આસ્તીકતાનો બુરખો પહેરાવતા દેખાય છે.

હવે આવા મોટા ગજાના વૈજ્ઞાનીકો આસ્તીકો હતા, અને આજે પણ કેટલાક નોબલ મેળવનારા પણ છે. તેનાં આપણા ઈસરોના નીયામક સોમનાથ આસ્તીક હોય તેનાથી રેશનાલીસ્ટોએ અકળાવાની જરૂર નથી. સોમનાથે વીજ્ઞાનમાં પાયાનું કોઈ સંહોધન કર્યું હોય તો તે જાણમાં નથી. સોમનાથે તો વીશ્વમાં જે અવકાશ વીજ્ઞાનના સીદ્ધાંતો તૈયાર થયા છૈ તેનો ઉપયોગ કરી ટેકનોલોજીની મદદથી ચંદ્રયાન કે આદીત્યને અવકાશમાં રવાના કરવામાં ફાળો આપ્યો છે. આ ફાળો ઘણો મોટો છે. સમગ્ર વીશ્વને એનાથી વીજ્ઞાન સંબંધી ઘણી નવી માહીતી મળશે. એવા આપણા સૌના આદરણીય સોમનાથ એવો દાવો કરે કે તેઓ જે કંઈ કરે છે તે આપણા પુરાણા પુસ્તકમાં હતું તો એ દાવો ભલે અવાસ્તવીક હોય. રેશનાલીસ્ટોએ તે સહન કરી લેવાનો થાય. સહન કરવાનું કારણ છે. જેમ પુતીન જેવા નાસ્તીક રેશનાલીસ્ટ નથી, તેમ ન્યુટનથી માંડી સેમનાથ સુધીના ઘણા નામાંકીત વૈજ્ઞાનીકો રેશનાલીસ્ટો નથી હોતા. એમનું જીવન જુદા જુદા કમ્પાર્ટમેન્ટમાં વીચ્છીન્ન થયેલું હોય છે. યુવાન કોપરનીકસ જાણતો હતો કે સુર્યમંડળ સુર્યકેન્દ્રી છે, છતાં એ પૃથ્વીકેન્દ્રી (બાઈબલની) વાતોના ઉપદેશ આપતો હતો ! આવું બને, બન્યું છે. હજી પણ કદાચ એવું બને.

(વધુ પાના નં.–૪ ઉપર)

# અધીક માસનું અજ્ઞાન વીજ્ઞાન

**–તંત્રી લેખ**

સામાન્યતઃ વર્ષ ૧૨ માસનું હોય છે પણ ચાલુ વર્ષ આપણા ભારતીય કેલેન્ડર મુજબ જોઈએ તો ૧૩ માસનું છે. આ વર્ષે બે શ્રાવણમાસ છે જેમાનો પહેલો શ્રાવણમાસ અધીકમાસ હતો.

આપણામાં એક એવી માન્યતા છે કે અધીક માસ ભગવાનનો મહીનો છે તેને પુરુસોત્તમ માસ કહેવાય છે. આ અધીકમાસમાં કથા, કીર્તન–હવન–સત્સંગ દ્વારા ભકતી કરવી જોઈએ અને દરરોજ દાનપુણ્ય કરવાનું સમજાવવામાં આવે છે.આવું દાન સમાજમાં જરુરીયાત હોય તેવા વર્ગને નહી પણ જરુરીયાત ન હોય તે પણ કર્મકાંડ કરતા લોકોને કરવું જોઈએ. જેનાથી દાન કરનાર પુણ્યનું ભાથુ બાંધી જાય છે અને દાન મેળવનાર દાનનું ભાથું બાંધીને ઘરે લઈ જાય છે.

કઈ તીથીએ કઈ વસ્તુનું દાન કરવું જોઈએ તે દાન કરવાનું કહેનારના ઘરમાં કઈ કઈ વસ્તુનું જરૂર છે તેના આધારે તીથી પ્રમાણે લીસ્ટ તૈયાર થાય છે. દા. ત. એકમના રોજ ઘઉંનું દાન, બીજ–ચોખાનું, ત્રીજ–મગનું, ચોથ–ઘી–તેલ, પાંચમ–કપડા, અનાજ, ઘરવખરી વગ્ગેરે, ત્રીસ તીથી મુજબ ત્રીસ પ્રકારનું દાન કરવાથી પુણ્ય મળે છે. (દાન મેળવનારને)

અધીક માસનું વીજ્ઞાન :

આપણે વર્ષની ગણતરી બે રીતે કરીએ છીએ.

(૧) સુર્ય વર્ષ (જાન્યુ.–ડીસે.) ૩૬૫ દીવસ, ૫ કલાક ૪૮ મીનીટ અને ૪૭૫ સેકન્ડ.

(૨) ચદ્ર વર્ષ (કારતક–આસો) ૩૫૪ દીવસ ૮ કલાક ૪૮ મીનીટ અને ૩૩ સેકન્ડ.

સુર્ય, ચંદ્ર, પૃથ્વી બધા ગતીશીલ છે તે આધારે બે વર્ષનો સામાન્ય તફાવત સુર્ય વર્ષ ૩૬૫માંથી ચંદ્રવર્ષ ૩૫૫ બાદ કરતાં ચંદ્ર વર્ષમાં ૧૦ દીવસની ઘટ (૩૬૫ – ૩૫૫) પડે છે તેને સરભર કરવા ચંદ્ર વર્ષની ૧ વર્ષની ઘટ ૧૦ દીવસ મુજબ ત્રણ વર્ષની ઘટ ૩૦ દીવસ થાય એટલે કે ૧ મહીનો થાય.

ટુંકમાં સુર્યવર્ષ અને ચંદ્રવર્ષનું માપ સરખું કરવા ચંદ્ર વર્ષમાં દર ત્રણ વર્ષે ૧ માસ ઉમેરવો પડે છે તે અધીક માસ તરીકે ઉમેરવામાં આવે છે.

આમ અધીકમાસ એ માત્ર પંચાગના ગોટાળાનો માસ છે. તેમાં બીજા ગોટાળા ઉમેરીને અધીક માસ બનાવી દીધો છે.

વાસ્તવમાં માત્ર ગ્રહોની ગતીના પરીણામનો મેળ કરવાનો માસ છે.

## અપીલ

ગુજરાતીભાષીઓ માટે રેશનાલીઝમ પર ચીંતન કરતું એક માત્ર 'સત્યાન્વેષણ' માસીક છે. માત્ર ગુજરાત–મુંબઈમાં જ નહીં, પરંતુ અન્યત્ર પણ ગુજરાતીભાષીઓ વસે છે. એ સૌને અપીલ કરવાની કે આપ સૌ 'સત્યાન્વેષણ'ના વાચક બનો. પ્રવર્તમાન વાચકોને પણ વીનંતી કે તેઓ દરેક બીજા પાંચ વાચકો બનાવી આપે. આપણું 'સત્યાન્વેષણ' દરેક મહીનાની પંદરમીએ નીયમીતપણે બહાર પડે છે. એનું વાર્ષીક લવાજમ રૂા. ૨૦૦/– અને આજીવન રૂા. ૨૦૦૦/– છે. તે મ. ઓ. થી કે સત્યશોધક સભાના બેન્ક ઓફ બરોડાના ખાતામાં સીધા જમા કરાવી શકાય છે. સત્યશોધક સભાને આપવામાં આવતું દાન આવકવેરામાં રાહતને પાત્ર છે.

* દરેક 'સત્યાન્વેષણ'ના પહેલા ટાઈટલ પર વાચકોને જણાવવામાં આવે છે કે 'સત્યાન્વેષણ' www.satyashodhak sabha.com પર વાંચવા મળશે. ઉપરાંત જો વાચક એનો મોબાઈલ નંબર અને ઈ–મેઈલ એડ્રેસ આપશે તો એને આ જ લવાજમ હેઠળ PDF મોકલવામાં આવશે.

---

(ચાલુ પાના નં.–૨ નું)

રેશનાલીસ્ટો માટે કોઈ વૈજ્ઞાનીકની શોધ રેશનાલીઝમ માટે પોષક હોવાનું સ્વીકારી શકાય, પણ એના જીવન–કવન રેશનાલીઝમથી તદ્દન ઉલટા હોઈ શકે તે બરાબર સમજવું જોઈએ. આપણે એમાં સંખ્યાબંધ અભીનેતા–અભીનેત્રીઓ જોઈએ છીએ કે તે પડદા પર ભગવાનને–ખુદાને પડકારે છે અને પોતાના જીવનમાં ઉંધે પગે ચાલીને પણ મંદીરે પહોંચે છે ! આવું જ વૈજ્ઞાનીકોનું. એમના પોતાના સંશોધનો એમને માટે જયકમળવત્ હોય છે. કારણકે એમનો માંહ્યલો અવાસ્તવીક એવા અપાર્થીવ તત્ત્વની 'માયા'ને સ્વીકારતા હોય છે. હમણાં આજુબાજુ અવૈજ્ઞાનીકતાના મહાપુર આવ્યા છે. રેશનાલીસ્ટોએ તેમાં સ્વસ્થ રહેવાનું છે. એ જ પ્રમાણે સોમનાથ જવાની આસ્તીકતા જાણીને પણ ડગી જવાની જરુર નથી. રેશનાલીઝમ તો આનંદમય જીવન જીવવાનો અને વાસ્તવીકતા સ્વીકારવાનો પંથ છે. એ પંથ પર ચાલો ચાલ્યા જ કરીએ, ચાલ્યા જ કરીએ !

# શું આત્મા જેવું કશું હોય છે ?

—ડૉ. પ્રણવ વૈદ્ય

એવું કહેવાય છે કે મનુષ્યનું મૃત્યુ થાય એટલે એનામાંથી 'આત્મા' ચાલ્યો જાય છે અથવા તો બીજી રીતે કહીએ તો 'આત્મા' જતો રહે એટલે માણસ મરી ગયો એમ કહેવાય છે અને એ માણસ નીર્જીવ છે એમ કહેવાય છે. કોઈના મૃત્યુ પછી 'ઈશ્વર એના આત્માને શાંતિ આપે' એવું પણ લોકો બોલવા લાગે છે.

આ અંગેની કેટલીક રસપ્રદ હકીકતો તપાસીએ.

આત્મા અને એવી બધી વાતો શું કલ્પનામાત્ર જ નથી ? 'આત્મા' જતો રહે એટલે એનું બધું મરી જાય એ વાત સાચી છે ? તપાસી જોઈએ. મનુષ્યનું કહેવાતું મૃત્યુ થાય પછી પણ એના વાળ, નખ અમુક સમય સુધી વધતા રહે છે. તો એ શું બતાવે છે ? બીજી વાત કે માનો કે એક માણસનું એક બોટલ બ્લડ કે લોહી આજે લીધું અને સાંજે એ માણસ મરી ગયો તો એના બ્લડના જે સેલ્સ છે એને કશું જ થતું નથી, અને બ્લડ પંદર દિવસ પછી પણ બીજા માણસને ચડાવીને એનું જીવન બચાવી લઈ શકાય છે કારણ કે એ બ્લડ 'જીવતું' રહે છે.

આ જ વસ્તુ ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટેશનમાં પણ વીચારવી પડે. એક માણસની કીડની બીજામાં નાખીએ તો એ માણસ એ કીડનીથી જીવવા લાગે છે અને પેલો માણસ મરી જાય તો પણ આ માણસને કે એનામાં ટ્રાન્સપ્લાન્ટ કરેલી કીડનીને કશું જ થતું નથી, આ શું બતાવે છે ? પેલા માણસનો અને કીડનીનો 'આત્મા' જુદો છે ? માણસના મૃત્યુ પછી છ કલાક સુધીમાં એની આંખો લઈ લેવામાં આવે તો બીજાને દ્રષ્ટિ પ્રાપ્ત થઈ શકે છે અને એ બીજો વ્યકિત આજીવન એનાથી જોઈ શકે છે. બીજા શબ્દોમાં વ્યકતીના મૃત્યુ પછી આંખો છ કલાક સુધી જીવે છે અને જો બીજા માણસમાં રોપવામાં આવે તો આજીવન જીવે છે ! આનો અર્થ એવો કરવો કે કીડનીનો કે આંખનો 'આત્મા' જુદો છે ?

મેડીકલ સાયન્સની વૈજ્ઞાનીક શોધો તો એમ બતાવે છે કે માનવ શરીર અબજો કોષોની એક વસાહત છે જયાં બધા ભેગા મળીને જે રીતે એક શહેર જીવતું હોય એ રીતે જીવે છે. અહીં બધાં અંગો એકબીજાના મીત્રો છે અને હળીમળીને સૌનાં માટે કાર્ય કરે છે. એમ કહેવાય છે કે દર સાત વર્ષે કોઈપણ માનવ શરીરના તમામે

તમામ સેલ્સ બદલાઈ જાય છે. નવા થઈ જાય છે, તો પછી એ પ્રશ્ન ખૂબ વધુ જટીલ બને છે કે 'આત્મા' એટલે શું ?

એક અત્યન્ત રસપ્રદ અને માની ન શકાય તેવી વાત જણાવું ? અલબત્ત, થોડી બાયોલોજી એને પૂરી રીતે સમજી શકશે. આપણું શરીર અબજો કોષોનું બનેલું છે. કોષોની અંદર અનેક નાના કાર્યશીલ યુનીટો આવેલા હોય છે. આમાંના એક ખૂબ અગત્યના યુનીટો છે કણાભસુત્રો (Mitochondria). તેઓ કોષનાં પાવરહાઉસ કહેવાય છે. આ કણાભસૂત્રો એ પહેલાં આપણાં શરીરના કોષોમાં બહારથી આવીને રહેલ એક જાતના બેકટેરીયા હતા અને આપણા કોષોમાં રહીને આપણી સાથે સહજીવન જીવતા હતાં અને સમયાંતરે તેઓ આપણા કોષોમાં કાયમ માટે વસી ગયાં અને કોષોનાં એક યુનીટ જ બની ગયાં અને આપણને મદદ કરવા લાગ્યા. જાણે કોઈ પરગ્રહના જીવો આવીને આપણી સાથે પૃથ્વી પર વસી ગયા !!!

મેડીકલ સાયન્સ દ્વારા પુરવાર થયેલી અને સૌ દ્વારા અનુભવાયેલી હકીકત છે કે હાર્ટ બંધ થઈ જાય તો માણસનું મૃત્યુ થાય છે, બ્રેઈનડેડ એટલે હાર્ટ ચાલતું રહે. માણસ 'જીવતો' રહે પણ એનુ મગજ કામ કરતું બંધ થઈ જાય અને એક વનસ્પતી જેવી સ્થીતીમાં આવી જાય. આમ મૃત્યુના પણ પ્રકારો છે. આ બધું ઘણું જટીલ છે અને આપણે ધારીએ છીએ એટલું સહેલું કે સીધું નથી.

આ બધું જોતાં એ સમજાય છે કે મૃત્યુ અને આત્મા તો પછીની વાત છે, પહેલાં તો જીવન શું છે. મૃત્યુ શું છે એ સમજવું પડે, બહુ સ્પષ્ટ નથી કે એક શહેર જે અલગ અલગ લોકો અને સંસ્થાનોનું બનેલું છે એનો કોઈ એક 'આત્મા' હોય એ સમજવું કે પુરવાર કરવું કેટલું મુશ્કેલ છે !

અંતમાં એટલું જ કહેવાનું કે આત્મા નથી એવું આ કોઈ ફાઈનલ જજમેન્ટ નથી. આત્મા જેવું કશું છે કે નહીં એ વીચારવા માટેનું આહવાહન માત્ર છે. હા આ વીચારણા માન્યતાઓ વગર થવી જાઈએ., કયાંક લખ્યું છે એટલે સાચું જ હોય એવી ભ્રામક સમજણ વગર થવી જેઈએ નહીંતર સાચું સંશોધન શકય નથી.

---

માણસ એના વર્તનથી ઓળખાય છે. વાસ્તવમાં એનું શરીર સીધુ–સાદુ એટલે કે યંત્ર સમાન છે. પરંતુ એની આજુબાજુનું વાતાવરણ એટલું સંકુલ અને ગુંચવાડાવાળું છે કે એની સાથે અનુકુલન સાધવા જતા એની વર્તણુંક પણ ગુંચવાડાવાળી અનઅપેક્ષીત અને સંકુલ બની જાય છે. –હર્બર્ટ સાયમન

## મજહબ કૌન સા ?

—સંપાદન : મોહન પટેલ

મસ્જીદ પે ગીરતા હૈ, મંદીર પર ભી બરસતા હૈ
હે બાદલ બતા દે તેરા મજહબ કૌન સા હૈ ?

ઈમામ કી તું પ્યાસ બુઝાયે, પુજારી કી તૃષ્ણા મિટાયે,
એ પાની બતા દે, તેરા મજહબ કૌનસા હૈ ?

મઝારોં કી શાન બનતા હૈ, મુર્તીયોં કો ભી સજાતા હૈ,
એ ફુલ બતા તેરા, મજહબ કૌન સા હૈ ?

સારે જહાં કો રોશન કરતા હૈ, સૃષ્ટી કો ઉજાલા દેતા હૈ,
એ–! સુરજ બતા તેરા મજહબ કૌન સા હૈ ?

મુસ્લીમ તુઝ પર કબ્ર બનાતા હૈ, હીન્દુ આખીર તુઝ પર વિલીન હોતા હૈ
એ–! મીટ્ટી બતા દે, તેરા મજહબ કૌન સા હૈ ?

ખુદા ભી હૈ, ઈશ્વર ભી તૂ હૈ... પર આજ બતા હી દે,
યે પરવર દીગાર...આપકા મજહબ કૌન સા હૈ ?

યે દોસ્તો મજહબ સે દુર હટકર ઈન્શાન બનો
ક્યોં કી ઈન્સાનીયત કા કોઈ મજહબ હોતા નહીં...! ! —અજ્ઞાત

(ગ્રામ સેવા ટ્રસ્ટ ખારેલ તા. ગણદેવી, જી. નવસારીના પ્રકાશનોમાંથી)

સમજુતી : વીશ્લેષણરુપે ઉપરનું કાવ્ય માનવધર્મ બજાવવા પ્રેરે છે. મજહબ–ધર્મ એ સામાન્ય અર્થ છે. 'ફરજ' ધર્મના નામે

## યે...જીંદગી !

આપણી જીંદગીને આપણે જ પુરેપુરી સમજી શકયા નથી. જીંદગી આપણી અને આપણે જ એને પુરેપુરી સમજી શકયા નથી. જેટલું સમજયા છીએ તેમાં અનેક વાતો સમજાય છે. એક વાત એ સમજાય છે કે સંકુલતા જો અમુક સ્તરે પહોંચે તો શું થાય ? જીંદગી જેવું ભારે ગુંચવાડાવાળુ તત્ત્વ પેદા થાય ! સમાનતા શું છે ? આપણે આપણી જ સભાનતાને પુરી સમજી શકયા નથી, જેટલી સમજાય છે તેમાં એવું માલુમ પડે છે કે માણસ પાસે જ સભાનતા છે. ગમ્મત એ વાતની છે કે આ બન્ને જીંદગી અને સભાનતા બાહ્ય વાતાણરણની પરીસ્થીતીની સાથે એ સતત મેળ પાડે છે. ડાર્વીનનો ઉત્ક્રાંતીનો સીદ્ધાંત બરાબર સમજીએ તો સ્વીકારવું જ પડે કે બાહ્ય વાતાવરણે અનુકુળ થતો જીવ માનવ બનવા સુધી પહોંચ્યો હોય તો એ બાહ્ય વાતાવરણે દોરેલી સીમામાં જ રહે. આમ છતાં, એ બાબત આશ્ચર્યકારક હોવાનું સ્વીકારવું પડે કે જીંદગીના સ્વરુપે ખગોળીય વાતાવરણ અને ભૌતીકશાસ્ત્રની અફરતા વચ્ચે જબ્બર સમતુલા સાધી છે !

# ચંદ્રયાન – 3 વીશે જાણવા જેવું

–પ્રણવ વૈદ્ય

**સફળ લેન્ડીંગ બાદ હવે શું કરશે ચંદ્રયાન–3 ?**

ચંદ્રયાન–૩ પોતાની સાથે આઠ પેલોડનો સેટ લઈ ગયું છે. તેમાં એક પેલોડ અમેરીકી અંતરીક્ષ એજન્સી નાસા દ્વારા ફાળવવામાં આવ્યું છે. ચંદ્રયાન–3 નું પ્રપલ્સન મોડયૂલ શેપ નામનાં એક પ્રયોગ સાથે આવે છે જે જીવન માટે યોગ્ય વાતાવરણથી પસાર થતાં તારાઓના પ્રકાશમાં થતાં પરીવર્તનોનાં નીરીક્ષણ માટે ડીઝાઈન કરવામાં આવ્યું હોય છે. તેનો ઉદ્દેશ્ય પૃથ્વી જેવા રહેવાલાયક અન્ય ગ્રહોની શોધ કરવાનો છે.

**ચંદ્ર પર ભુકંપનું અધ્યયન કરશે**

ચંદ્રયાન 3 નું લેન્ડર મોડયૂલ ILSA નામનું એક ઐતીહાસીક ઉપકરણ સાથે લઈને ગયું છે. આ ઉપકરણ ચંદ્રના ભુકંપીય ગતીવીધીની દેખરેખ માટેનું કામ કરે છે. ILSA નું મુખ્ય કામ ચંદ્ર પર આવતા ભુકંપોનું અધ્યયન કરશે.

લેન્ડરના ચાર પેલોડ્સ કાર્યરત છે આ ચાર પેલોડ્સ ચંદ્રની સપાટી પર વીવીધ સંશોધનો કરશે. વીક્રમ લેન્ડર ઉપર ચાર પેલોડ્સ લાગ્યા છે જયારે પ્રજ્ઞાન રોવર ઉપર બે પેલોડ્સ કાર્યરત છે.

**RAMBHA**

ચંદ્રની સપાટી પર આવતા સુર્યના પ્લાઝમા કણનો અભ્યાસ કરશે. પ્લાઝમા કણના ઘનત્વ, માત્ર અને ફેરફારની તપાસ કરશે.

ChaSTE

ચંદ્રની સપાટીના તાપમાનનું રીસર્ચ કરશે.

IISA

લેન્ડીંગ સાઈટ આસપાસ ભુકંપની ગતીવીધીનું નીરીક્ષણ કરશે.

LRA

ચંદ્રના પરીમાણ સમજવાનો પ્રયાસ કરશે.

પ્રજ્ઞાન રોવરના પેલોડ્સ

LIBS

ચંદ્રની સપાટી ઉપર રહેલા રસાયણોનો APXS ચંદ્ર ઉપર ખનીજના કમ્પોઝીશનનો અભ્યાસ કરશે અને ખનીજોની તપાસ કરશે.

**વીજ્ઞાનની દ્રષ્ટીએ મહત્વ**

ચંદ્રયાન–3 ની સફળતા વીજ્ઞાનની દ્રષ્ટીએ અતી મહત્વનું મીશન છે, ચંદ્રના

વાયુમંડળ, સપાટી, રસાયણ અંગેની માહીતી મળશે અને ચંદ્ર ઉપર ભુકંપની ગતીવીધી, ખનીજ વગેરેની તપાસ ભવીષ્યના રીસર્ચ માટે મહત્વની જાણકારી પણ મળશે. વીશ્વમાં ફકત ત્રણ દેશ ચંદ્રની સપાટી ઉપર સફળતાપુર્વક ઉતરી શકયા છે. ચંદ્ર ઉપર સફળતાપુર્વક સોફટ લેન્ડીંગ કરનાર ભારત ચોથો દેશ જયારે ચંદ્રના દક્ષીણ ધ્રુવ ઉપર સફળતાપુર્વક લેન્ડીંગ કરનારો ભારત પહેલો દેશ.

**ISRO ની વધશે શાન**

ઈસરો ઓછા બજેટમાં કોમર્શીયલ લોન્ચીંગ માટે જાણીતું છે. ISRO અત્યાર સુધીમાં 34 દેશના 424 વીદેશી સેટેલાઈટ્સ છોડી ચુકયું છે અને 104 સેટેલાઈટ્સ એકસાથે છોડી ચુકયું છે. ચંદ્રયાન–3 નું બજેટ 614 કરોડ હતું. તમે વીચારી શકો છો કે આટલા નાના બજેટમાં ઈસરોએ ચંદ્ર પર ભવ્ય ઈતીહાસ રચી અને ભારતીયનું માથું ગર્વથી ઉંચું કરી દીધું છે.

લોકોને શું ફાયદો ?

ચંદ્રયાન–3 ની લેન્ડીંગને લીધે લોકોને હવામાન અને સંચાર સંબંધી માહીતી મળી શકશે અને સંરક્ષણ સંબંધી સેટેલાઈટ્સમાં પેલોડ્સ કામ આવશે. નકશો બનાવનારા સેટેલાઈટ્સમાં અને સંચાર વ્યવસ્થા વીકસીત કરવામાં મદદ મળશે.

---

## તક

---

ધર્મો નીશ્ચીતતાના આગ્રહી છે. જન્મ પછી વીધીના લેખ, પુર્વેના જન્મોના કર્મો, ભૌતીક વીશ્વના જન્મના મુળ અપાર્થીવ તત્ત્વમાં રહેલા છે. જેવાં ગતકડાં કાઢીને ધર્મોએ માનવજગતને એ સમજાવ્યું છે કે બધું જ પુર્વનીર્મીત છે. એમાં અનીશ્ચીતતા, સંભવીતતા અને તકને સ્થાન જ નથી. કોઈ વ્યકતીને તક મળી અને તેનો લાભ લઈને શ્રીમંત બને એવું બને જ નહીં. શ્રીમંત બનવાનું એને માટે કયાંતો કર્મોને કારણે અથવા અપાર્થીવ તત્વની કૃપાને કારણે નીશ્ચીત હોવાનો દાવો ધર્મો કરશે. 'તક'ને હંમેશા ધર્મવીરોધી તત્ત્વ તરીકે સ્વીકારવામાં આવી છે. તકનું પણ વીજ્ઞાન હોઈ શકે. તકથી પેદા થતી અનીશ્ચીતતા અને તેમાંથી પરીણમતી યદેચ્છાનો અભ્યાસ સુદ્ધા ધર્મ કરવા માંગતો નહોતો. એક બાજુ મેકસ વેલ અને બીજી બાજુ ડાર્વીને લોકોને સમજાવ્યું કે ઘણા કણોના વર્તન અનીશ્ચીત છે તો, અમીબાથી માંડી માણસ સુધીના સર્જનમાં યદેચ્છતાએ જ કામ કર્યું છે. અનીશ્ચીતતા, સંભવીતતા, તક અને યદેચ્છતાનો સચરાચરના સર્જનમાં બહુ મોટો ફાળો છે.

## વેદ વીરોધીને શ્રાપ

દયાનંદ સરસ્વતી 'સત્યાર્થ પ્રકાશક'માં જણાવે છે : 'સાચું તો એ છે કે જે લોકોએ વેદોનો વીરોધ કર્યો આજે પણ કરે છે અને આગળ પણ કરશે. તેઓ અવશ્ય અવીદ્યારુપી અંધકારમાં પડીને સુખને બદલે જેટલું પણ દારુણ દુઃખ ભોગવશે તેટલું ઓછું જ છે. માટે સૌ મનુષ્યોએ વેદાનુકુળ ચાલવું એ જ યોગ્ય છે.'

**શીક્ષણ અને વીર્ય**

દયાનંદ સરસ્વતી એમના 'સત્યાર્થ–પ્રકાશક'માં 'વૈદીક શીક્ષણ વ્યવસ્થા' સમજાવતા જણાવે છે કે, બાળકોને એ પણ સમજવવું જોઈએ કે વીર્યનું રક્ષણ કરવાથી આનંદ અને તેનો નાશ કરવાથી દુઃખ પ્રાપ્ત થાય છે....જેના શરીરમાં વીર્ય નથી હોતુ તે નપુંસક મહાકુલક્ષણી થાય છે અને તેને પ્રમેહનો રોગ પણ થાય છે. તે દુર્બળ, નીસ્તેજ અને બુદ્ધીહીન થાય છે અને તે ઉત્સાહ, સાહસ, ધીરજ, બળ, પરાક્રમ વગેરે ગુણોથી રહીત થઈને નષ્ટ થઈ જાય છે. જે લોકો પોતાના સંતાનોને લાડ લડાવતા આ વાત જણાવતા નથી અને (જરુર પડયે) શીક્ષા કરતા રહે છે. તેમનાં જ સંતાનો વીદ્વાન, સજય અને સુશીક્ષીત થાય છે.

દયાનંદ આગળ જણાવે છે : છોકરાઓ અને કન્યાઓની પાઠશાળાઓ એકબીજાથી બે ગાઉ દુર હોવી જોઈએ. છોકરાઓની પાઠશાળામાં અધ્યાપન કાર્ય કરનાર તથા નોકર–ચાકર બધા જ પુરુષો હોવા જોઈએ અને કન્યાઓની પાઠશાળામાં અધ્યાપન કાર્ય કરનાર તથા નોકર–ચાકર વગેરે બધી જ સ્ત્રીઓ હોવી જોઈએ. સ્ત્રીઓની પાઠશાળામાં પાંચ વર્ષનો છોકરો અને છોકરાઓની પાઠશાળામાં પાંચ વર્ષની છોકરી પણ ન જવા પામે, એટલે કે જયાં સુધી બ્રહ્મચારી કે બ્રહ્મચારીણી રહે ત્યાં સુધી તે સ્ત્રી કે પુરુષ પરસ્પરના દર્શન, સ્પર્શન, એકાંત–સેવન, ભાષણ, વીષય કથા પરસ્પર ક્રીડા વીષય–ધ્યાન અને સંગ– આ આઠ પ્રકારના મૈથુનથી અલગ રહે.

પાઠશાળાઓ ગામ કે નગરથી એક યોજન એટલે કે ચાર ગાઉ દુર હોવી જોઈએ...માતા–પિતા અને સંતાનો એકબીજને મળી ન શકે કે કોઈ પણ પ્રકારનો પત્રવ્યવહાર પણ ન કરી શકે એ વાતનો અમલ કરવો...પાંચમા કે આઠમા વર્ષ પછી કોઈપણ વ્યકતી પોતાના છોકરા કે કે છોકરીને ઘરમાં રાખી શકશે નહીં, પરંતુ તેમને પાઠશાળામાં અવશ્ય મોકલી દે અને જો ન મોકલે તો તેઓ દંડનીય થશે.

વીદ્યા ભણવા–ભણાવવામાં આવતા વીઘ્નો (કેટલાક)

નાની ઉંમરે વીવાહ એટલે કે પચ્ચીસ વર્ષ પહેલાં પુરુષો અને સોળ વર્ષ પહેલા સ્ત્રીનો વીવાહ થવો.

બ્રહ્મચર્યથી વીર્ય, બળ, બુદ્ધી, પરાક્રમ, આરોગ્ય, રાજય, ધન વગેરેની વૃદ્ધી ન માનવી.

## જીવન !

ભૌતીક પદાર્થોની ગોઠવણની સંકુલતા અને તેમાં ઉમેરાયેલી સભાનતાએ જીવનને બનાવ્યું. જે પર્યાવરણમાં તેઓ એટલે કે સંકુલતા અને સભાનતા પેદા થયા તેની સાથે ખુબ સંવેદનાસભર અનુકુલન સાધી શકયા. જીવનની રચના માટે પર્યાવરણની સાથે રહીને જે જીવન પેદા કરી શકે અને લાંબી જીંદગી આપે તેવા તત્ત્વોને જાળવવા અને તેવા તત્ત્વોને પર્યાવરણમાંથી મેળવવાની અબજો વર્ષની જે પ્રક્રીયા ચાલી, તેમાંથી પેલા ભૌતીક સંકુલ ચેતનવંતા બન્યા. એમનામાં સભાનતા આવી. સમજી શકાય એવું છે કે તે જ ભૌતીક સંકુલ અને તેમાંથી પેદા થયેલું જીવન પર્યાવરણ સાથે અનુકુલન સાધે તો જ વીકસી શકે. આમ પર્યાવરણ સાથે અનુકુલન સાધવાનું ખાસ કરીને માનવજીવન માટે અનીવાર્ય છે. હમણાં આપણે જે પ્રદુષણના સવાલો પેદા કર્યા છે તે જીવનના આ આવીષ્કાર અને સંવર્ધનની દ્રષ્ટીએ વીચારવા જેવા છે. રેશનાલીસ્ટોએ આથી જ પર્યાવરણની સુરક્ષા માટે શકય તે કરી છુટવું જોઈએ.

આથી અહીં એ પ્રશ્ન થાય છે કે 'જીવન' એટલે શું ? ખુદ જીવશાસ્ત્રીઓ સ્વીકારે છે કે જીવનને વ્યાખ્યામાં બાંધવું મુશ્કેલ છે. એક જ દાખલો લઈએ. જે પોતાના જેવો જ (લગભગ) બીજો જીવ પેદા કરી શકે તે તત્ત્વ ધરાવનારમાં જીવન છે એવું કહી શકાય. સવાલ થાય કે તો નીઃસંતાન લોકોનું શું ? વળી, માદા અને નર ભેગા થઈને બીજો જીવ પેદા કરે છે. તેઓ જીવે છે તો જુદા. તેઓ જયારે જુદા હોય ત્યારે 'જીવતા' નથી શું ? ખુબ મુશ્કેલ છે. 'જીવન'ની વ્યાખ્યા આપવાની. આથી ફરી એકવાર પર્યાવરણનો–કુદરતનો આશરો લેવો પડે છે : જે કુદરતના ઉત્ક્રાંતીના સીદ્ધાંતનુસાર ચોકકસ સ્વયંસંચાલીત કલેવર ધારણ કરે તે. ફરી ફરીને વાત કુદરત–પર્યાવરણ પર આવીને અટકી જાય છે. એનો અર્થ એ કે એકલાનું આપણે જીવનની સર્વમાન્ય અને વાસ્તવીક વ્યાખ્યા શોધીએ. પણ બીજી બાજુ પર્યાવરણને તો સાચવીએ જ. આપણે એના જ ફરજંદ છીએ !

---

જો પૃથ્વી પરનાં બધાં તત્ત્વો વીવેકપુર્વક વર્તે તો તો કોઈ બનાવ બને જ નહીં !

–ફાયડોર ડોસ્કટોવ્સકી

શ્યામગર્તા (Black hole) માંથી પ્રકાશ પણ છટકી શકતો નથી. એટલે એનું તાપમાન તો શુન્ય જ રહેવાનું. ગરમી પેદા કરવા માટેની ઊર્જાનું તાપમાન જ જો શુન્ય બની જાય તો તે શુન્યથી  વધારે તાપમાન પેદા જ કેવી રીતે કરી શકે ?

# પૌરાણીક સાહીત્યમાં ભ્રામક વૈજ્ઞાનીકતા

–પ્રવીણ ગઢવી
૯૯૭૯૮ ૯૩૯૯૦

આજકાલ પ્રાચીન ભારતના વૈદીક–પૌરાણીક સાહીત્યમાં આજના યુરોપીય વીજ્ઞાનની બધી શોધો અસ્તીત્વમાં હતી તેમ જોરશોરથી કહેવામાં આવે છે. અખીલ ભારતીય વીજ્ઞાન પરીષદમાં વૈદીક–પૌરાણીક–વૈજ્ઞાનીકો શોધપત્રો રજુ કરે છે. હદ તો ત્યારે થઈ કે ઈસરોના અધ્યક્ષ શ્રી સોમનાથ પ્રાચીન ભારતમાં આજના આધુનીક વીજ્ઞાનનું જ્ઞાન હતું. તેમ કહે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ તેને સમર્થન આપે છે. પ્લાસ્ટીક સર્જરી, કલોનીંગ, સ્ટેમ સેલ, ટેસ્ટ ટયુબ બેબી, મીસાઈલ અણુબોંબ, આદી આધુનીક વૈજ્ઞાનીક શોધો તો ભારતે કરેલી છે અને યુરોપીયનો અરબી–ફારસી દ્વારા ચોરી ગયા છે, તેમ બેધડક કહેવામાં આવે છે.

અલબત્ત, ભારતે શુન્યની મહાન શોધ કરી હતી, તે સર્વાંશે સત્ય છે. કોપરનીકસ પહેલાં પાંચમી સદીમાં આર્યભટ્ટે પૃથ્વી ગોળ છે. ધરી પર ફરે છે ઉપરાંત સુર્યની આસપાસ ફરે છે, ચંદ્ર સૂર્યપ્રકાશનું પરાવર્તન કરે છે. સુર્યગ્રહણ ચંદ્રને કારણે અને ચંદ્રગ્રહણ પૃથ્વીના પડછાયાને કારણે થાય છે. તેમ શોધ્યું હતું. તે ભારત માટે અવશ્ય ગૌરવરુપ છે. પરંતુ આર્યભટ્ટની વાતને વરાહ મીહીરે જ માની નહોતી. એણે ફલીત જયોતીષની શરુઆત કરી. સુર્ય–ચંદ્રને ગ્રહ માન્યા. રાહુ–કેતુ જેવા કલ્પીત ગ્રહોના આધારે ભવીષ્યવાણી કરવાનું સ્યુડો વીજ્ઞાન વીકસાવ્યું. આર્યભટ્ટના ગ્રંથોને કોણે ભોંયરામાં ભંડારી દીધા, આર્ય ભટ્ટના અવકાશ વીજ્ઞાનને કોણે જયોતીષ વીદ્યા–ફલ જયોતીષમાં ફેરવી દીધું ? કર્મકાંડ અને જયોતીષ પર પેટ ભરી જીવતા લોકોએ સ્તો ! શુન્ય, એકથી નવના અંતે દશાંશ પદ્ધતી અને પાઈની કીંમત પણ આર્યભટ્ટે શોધ્યા હોવાની ધારણા છે. બ્રહ્મગુપ્ત (ઈ.સ. ૫૯૮)માં થયા. તેમણે ઉજ્જૈનમાં અવકાશદર્શનની ઓબ્ઝર્વેટરી સ્થાપી હતી. તે પછી ગણીતશાસ્ત્રી ભાસ્કરાચાર્ય બીજા (૧૨ મી સદીમાં) થયા. એમને પણ દશાંશ પદ્ધતી વીકસાવી. જલઘટીકા શોધી અને સુર્ય/ચંદ્ર આધારીત કેલેન્ડર વીકસાવ્યું. બ્રહ્મગુપ્ત અને ભાસ્કરાચાર્યે ગુરુત્વાકર્ષણનો સીદ્ધાંત ન્યુટન પહેલાં શોધેલો એમ કહેવાય છે. અલબત્ત, પૃથ્વી પદાર્થોને તેની તરફ આકર્ષે છે. તેટલું જ તેમનું તારતમ્ય હતું. ગ્રીસમાં એરીસ્ટોટલે પણ આવી ધારણા આપી હતી. ગેલીલીયોએ પણ આ દીશામાં

સંશોધન કર્યું હતું. ન્યુટને સીદ્ધાંતને વૈજ્ઞાનીક ઢબે વીકસાવ્યો. કણાદે પદાર્થ અણુનો બનેલો છે. તેમ કહેલું પણ અણુમાં પરમાણુ, પ્રોટોન, ન્યુટ્રોન, ઈલેક્ટ્રોન, કવાર્ક હોય તેવી ખબર તેમને સ્વાભાવીક જ નહોતી.

વીજ્ઞાનનો સમાંતર વીકાસ ઈજીપ્ત, મેસોપોટેમીયા, ચીન, ગ્રીસ વગેરે દેશોમાં થયેલો છે. સીકંદરને કારણે આપણા વૈજ્ઞાનીકોને ગ્રીસના વીજ્ઞાનનો પરીચય થયો હતો. ભારત પાસે આમ ગણીત અને ભૌતીક, ધાતુ સ્થાપત્ય અને રસાયણશાસ્ત્ર (ફાલતુ વાસ્તુશાસ્ત્ર નહી)નું ઘણું જ્ઞાન હતું. સીંધમાં અરબોએ વીજય મેળવતાં ખલીફાઓએ ત્યાંના વીદ્વાનોને ભરતીય ગ્રંથો સાથે બસરા તેમજ દમાસ્કસ બોલાવ્યા હતા અને અરબી અનુવાદો કરાવ્યા હતા. ભારતના આંકડા અરબસ્તાન મારફત યુરોપમાં પહોંચ્યા અને આજે વીશ્વવ્યાપી થયા. આઈન્સ્ટાઈન અને બર્ટાન્ડ રસેલે પણ ભારતનો ગણીત માટે ઋણ સ્વીકાર કર્યો છે.

એ જ રીતે, ધારણાઓ પર આધારીત આયુર્વેદને પણ અર્ધવીજ્ઞાન જરુર કહી શકાય. આયુર્વેદમાં પ્રયોગશાળા અને સંશોધનનો અભાવ છે. ચરક, સુશ્રુત અને બૌદ્ધ સાધુ વાગ્ભટના ગુપ્ત–અનુગુપ્ત કાલમાં રચાયેલા ગ્રંથો પર હજી પણ આધાર રાખવામાં આવે છે. એટલે જ તે સમયમાં વૈદ્યોને શુદ્ર માનવામાં આવતા હતા. પશ્ચીમના ચીકીત્સા–વીજ્ઞાનની જેમ એનો વીકાસ થયો નહી અને કફ, વાયુ, પીત્તથી જ સર્વ રોગો થાય છે તેવી ધારણા પકડી રાખવામાં આવી. કેટલાક રોગ વાઈરસ–બેકટેરીયા–ફંગસ વગેરેથી થાય તેનું જ્ઞાન જ નહોતું.

આ થઈ ભારતના સાચા ગૌરવપ્રદ વીજ્ઞાનની વાત, પરંતુ આજકાલ ભારતમાં વેદો, ઉપનીષદો, પુરાણો અને મહાકાવ્યોમાંથી વીજ્ઞાનની શોધો શોધી વાહવાહી કરવામાં આવે છે.

વેદો, ઉપનીષદો, તત્વચીંતનના ગ્રંથો છે. તેમનો વીષય વીજ્ઞાન કે ભુગોળ નથી. તે જ રીતે પુરાણો અને મહાકાવ્યો વાર્તાઓ, કથાઓ છે, તેમાં કવીકલ્પનાઓ છે. આ કવીકલ્પનાઓને ભ્રામક વીજ્ઞાન માની તેનો ખોટો જયજયકાર કરવામાં આવે છે.

વેદોમાં વીજ્ઞાન હોવાનો દાવો કરવામાં આવ્યો છે. દયાનંદે સુકતોને મારી–મચડીને અનુવાદ કરી તે વીજ્ઞાન અંગેના હોવાનો દાવો કરેલો છે. પરંતુ હકીકતમાં વેદો એ મુખ્યત્વે ઈન્દ્ર, અગ્ની, વરુણ, સોમ વગેરે દેવોની સ્તુતીઓનો સંગ્રહ છે. અલબત્ત તેમાં

વીશ્વની ઉત્પત્તી, બ્રહ્માંડ, બ્રહ્મ–વીસ્ફોટ, જીવની ઉત્પત્તી વગેરેની કલ્પનાઓ કરવામાં આવી છે. તે કલ્પનાઓ પુરાણો, સ્મૃતીઓ અને મહાકાવ્યોમાં પણ પુનરાવર્તીત થતી રહી છે. વીશ્વમાં અંધકાર હતો. પછી શરીરરહીત, ઈન્દ્રીય અગમ્ય એવા ભગવાન પ્રગટ થયા. પછી પ્રજા (જીવન) પ્રગટાવવા જલ ઉત્પન્ન કર્યું. પછી તેમાં પોતાની શકતીનું બીજ નાંખ્યું. તે બીજ સુવર્ણ અંડ થયું. તેમાંથી બ્રહ્મા ઉત્પન્ન થયા, એક વર્ષ પછી અંડના બે ટુકડા કર્યા. પછી સ્વર્ગ, પૃથ્વી બન્યાં. સમુદ્ર બન્યા. પછી અહંકારમાંતી જીવ ઉત્પન્ન કર્યો. વગેરે...એટલું અવશય કહી શકાય કે જીવની ઉત્પત્તી જળમાંથી થઈ એવી ધારણા વીજ્ઞાનની નજીક હતી. ચાર્વાકે જળ, પ્રકાશ અને માટીમાં થયેલી રાસાયણીક પ્રક્રીયાથી જીવ ઉત્પન્ન થયો, તેવી વૈજ્ઞાનીક ધારણા કરી. જેને સદીઓ પછી આજના વીજ્ઞાને અનુમોદન આપ્યું.

વેદમાં પુરુષ સુકતમાં વીરાટ પુરુષના ચરણમાંથી શદ્રોને ઉત્પન્ન થતા દર્શાવ્યા. તે કેવી રીતે બને ? બુદ્ધે એની પર પ્રહાર કરતાં કહેલું કે બ્રાહ્મણ પણ માતાના ગર્ભમાંથી જ અવતરે છે ! શંખધ્વનીથી રોગમુકતી થાય. અલબત્ત ફેફસાં મજબુત થાય અને આંતરડા ઊંચા થાય ખરાં ! અમારા રોગ સુડા–પોપટોમાં જાય !... હે કુહાડા, તું વૃક્ષ ન કાપ...જેવાં સુકતો મનોરંજક છે, પરંતુ વૈજ્ઞાનીક નથી.

વેદમાં વૈદીક ગણીત હોવાનો દાવો કરવામાં આવે છે. બ્રાહ્મણ ગ્રંથોમાં યજ્ઞકુંડીઓનાં માપ–સંખ્યા બાબતે ગણીત જરૂર છે. પરંતુ તે પ્રાથમીક કક્ષાનું અંકગણીત છે. વૈદીક ગણીત તો પુરીના મઠાધીશ ભારતી કૃષ્ણતીર્થે તરકટરૂપે ઊભું કર્યું છે. તેમના દાવા મુજબ અથર્વવેદમાં તો આવા ગણીતનો કયાંય ઉલ્લેખ નથી.

દયાનંદે વેદમાં તારવીદ્યા હોવાનો દાવો કરેલો ! કવોટન્ટમ ફીઝીકસ, પાર્ટીકલ ફીઝીકસ, સાપેક્ષવાદની શોધ વૈદીક ૠષીઓએ કરેલી હોવાના પોકળ દાવાઓ કરવામાં આવે છે.

પુરાણો અને રામાયણ–મહાભારત જેવા ગ્રંથો અર્ધ ઐતીહાસીક તથા અર્ધ સાહીત્યીક ગ્રંથો–વાર્તા–કથા–કાવ્યો છે. તેને ન તો શુદ્ધ ઈતીહાસ મનાય કે ન તો તેમાંની કવીકલ્પનાઓને વીજ્ઞાન મનાય.

ખીર ખાવાથી રાણીઓ સગર્ભા કેવી રીતે થઈ શકે ? અત્યારે કોઈ થાય ? આ એક આદી માનવનું મીથ છે. રામ સોળ વર્ષનાય નહોતા થયા અને તારકાનો વધ કરે છે.

મારીચ તેમનું તીર વાગવાથી સો યોજન દુર સમુદ્રમાં જઈ પડયો. તે રામાયણની શકતી દર્શાવવા અતીશયોકતી અલંકાર છે. તેને સત્ય માની ન શકાય. રામાયણ–મહાભારતકાળ વખતે તીર, તલવાર, ભાલા, ગદા જેવાં હથીયાર હતાં. રામાયણ–મહાભારત કાવ્યગ્રંથો છે તેથી શીતેષુ, અગ્નિઅસ્ત્ર, બ્રહ્માસ્ત્ર જેવા તીરની કવીકલ્પના કરવામાં આવી છે. તેના આધારે આપણને પરમાણુ બોમ્બનુ જ્ઞાન હતું. તેવું ન કહી શકાય.

'શલ્યામાંથી અહલ્યા' લોકો સહજ ભાવે સ્વીકારી લે છે. તે પણ કવીકલ્પના છે.

દેવોએ વીષ્ણુને અશ્વનું માથું જોડી હયગ્રીવ બનાવેલા. શીવજીએ સસરા દક્ષ પર બકરાનું માથું લગાડેલું. એજ રીતે શીવજીએ ગણપતી પર હાથીનું શીર લગાવ્યું. ઈન્દ્રને ઘેટાના અંડકોશ જોડયા. શું આ સંભવીત છે ? આ બધી પૌરાણીક મીથ છે, કવીકલ્પનાઓ છે. તેના આધારે આપણે પ્લાસ્ટીક સર્જરી જાણતા હતા. તેમ કેવી રીતે કહેવાય ?

રામે વનવાસમાં ચૌદ હજાર રાક્ષસોનો સંહાર કર્યો, તોય એમને એક પણ તીર ન વાગે, એ શકય છે ? હનુમાન સુર્યને ફળ સમજી ખાવા ગયા તો હનુમાનચાલીસામાં દર્શાવ્યા મુજબ પૃથ્વી અને સૂર્ય વચ્ચેનું અંતર નવ કરોડ કી.મી.નું અંતર મળી રહે છે ! કહેતા ભી દીવાના, સુનતા ભી દીવાના ! કોઈ પક્ષી હજી સુધી સુર્યને ફળ સમજી ખાવા ગયું નથી. આ તો હનુમાનજીની બાળસહજ મુગ્ધતા દર્શાવવા કવીકલ્પના થઈ છે. રામસેતુના વર્ણનમાં અતીશયોકતી થઈ છે. તે સો યોજન લાંબો હતો. જયારે ભારત–શ્રીલંકા વચ્ચે પાંચ યોજનનું અંતર છે. વળી આ સેતુ દશયોજન પહોળો હતો. આવો બ્રીજ વીશ્વમાં કયાંય નથી. ભારત–શ્રીલંકા વચ્ચે સમુદ્રમાં ખડકોની હારમાળા જોતાં કવીકલ્પના કરવામાં આવી કે આ જ રામસેતુ ! ભારત સરકારસુપ્રીમ કોર્ટમાં રામસેતુનું અસ્તીત્વ ન હોવાની એફીડેવીટ કરે છે. પરંતુ લોકોને ભુમીત કરવા રામસેતુ હોવાનું ગાઈ–વગાડીને કહેવામાં આવે છે !

રામ શ્રીલંકાથી પુષ્પક વીમાનમાં બેસી અયોધ્યા ગયા, તે કવીકલ્પના છે. માણસને ઊડતા પક્ષી જોતાં અવશ્ય ઊડવાનો વીચાર આવે છે. અપ્સરાઓ , ગંધર્વો, યક્ષો અને ચારણોને પણ ઊડતા અલ્પવામાં આવ્યા છે. તો શું તે ખરેખર ઊડતા હશે ? આર્કીમીડીસે પણ ઊડતા માનવની કલ્પના કરી છે. વીજ્ઞાનકથાઓમાં પણ જાતભાતની કલ્પનાઓ કરવામાં આવે છે. તેમાં કેટલીક સાચી પણ પડે છે. પુરાણોમાં, લોકકથાઓમાં લાકડાના ઊડતા ઘોડાની કલ્પના છે. ઈન્ગલેન્ડમાં ઊડતી સાવરણીની કલ્પના છે. તો વળી

હેરી પોટરમાં ઊડતા કીશોરની કલ્પના છે. આ પુષ્પક વીમાનમાં પાંખો કે બળતણ વગર કેવી રીતે ઊડી શકે ? વીમાનમાં બેસી નીચે સરકતી ભારતભુમીનું સરસ વર્ણન કવીએ કર્યું છે. તેનો આનંદ લેવો જોઈએ. કવીકલ્પનાને વીજ્ઞાન માનવી એ નરી મુર્ખતા છે.

મહાભારત પણ એક કાવ્યકૃતી છે. કાથાકાવ્ય છે. તે નથી તો શુદ્ધ ઈતીહાસ કે નથી વીજ્ઞાન. ગાંધારીએ સ્ટેમસેલ ટેકનોલોજીથી સો કૌરવોને જન્મ આપ્યો, એમ વાહીયાત પ્રચાર કરવામાં આવે છે. પૌરાણીક રાજાઓને અનેક રાણીઓ અને દાસીઓ હતી. તેનાથી તેમને સેંકડો પુત્રપુત્રાદી થતા. શ્રીકૃષ્ણને આઠ પટરાણીઓ અને સોળ હજાર અન્ય રાણીઓ હતી. તેથી તેમને એક લાખ, સાંઠ હજાર ઍંસી સંતાનો હતાં, એમ પુરાણોમાં કહેવાય છે.

કુંતીને પાંડુ સાથેના લગ્ન પહેલાં સુર્યથી કર્ણ ટેસ્ટ ટયુબ ટેકનોલોજીથી થયો હતો એવું કહેવાય છે. વાસ્તવમાં રામાયણ–મહાભારત આદીકાળનો સંધીકાળ હતો. એટલે જેમ આદીવાસીઓમાં આજે લગ્ન પુર્વેના સંબંધો માન્ય છે, તે તે કાળે હશે. તેથી કુંતીને પુત્ર થયો હશે. કોઈ સુર્યવંશી સામંતે બળાત્કાર પણ કર્યો હોઈ શકે. નવજાત કર્ણ પેટીમાં રહીને હસ્તીનાપુરથી છેક ભાગલપુર (અંગ દેશ) સુધી ગંગાપ્રવાહમાં ભુખ્યો–તરસ્યો કેવી રીતે જીવીત રહી શકે ?

ઘાયલ ભીષ્મ બાણશૈયા પર કેવી રીતે સુઈ શકે ? હકીકતમાં એમને એટલાં બધાં બાણ વાગ્યા હશે કે પલંગમાં સૂતા હોય તો ય ઘાનાં બાણ ખૂંચતા હશે ! કૃષ્ણે દ્રૌપદીના ચીર પુર્યા એમ કથાનક છે. કૃષ્ણ તો ત્યારે દ્વારકામાં હતા. આ કવી કલ્પીત ચમત્કાર છે. જેથી કૃષ્ણનું દૈવત્વ સાબીત થઈ શકે. શાંતનું ગંગા નદીને નહી, ગંગા નામની રાજકન્યાને પરણ્યો હશે. નદી સાથે, દેવી સાથે પરણવાના ઘણા મોટીફ મેઘાણી રચીત લોકકથાઓમાં મળે છે.

કૃષ્ણ દ્વારકાના રાજપાલ થતાં દરીદ્ર મીત્ર સુદામાને તેમની પત્ની પરાણે દાનની આશાએ કૃષ્ણ પાસે ધકેલે છે. સુદામાને કૃષ્ણ હાથોહાથ ખાસ કશું આપતા નથી પરંતુ પોરબંદરમાં સુવર્ણપ્રાસાદ બનાવી દે છે. કૃષ્ણમહીમા વધારવા માટે જ આવી કવીકલ્પના કરવામાં આવી છે. લોકો બંધ આંખે અને મગજે આવું સ્વીકારી પણ લે છે !

વીષ્ણુના મોહીનીરુપ સાથે શીવસંભોગના કારણે અયપ્પા અર્થાત્ હરીહર જનમ્યા. પુરુષ–પુરુષ વચ્ચેના શરીરસંબંધથી સંતાન થાય ખરું ? આ પણ એક મીથ છે. જેને લોકો સાચી માની લે છે. દક્ષીણ ભારતમાં તો અયપ્પા મુખ્ય દેવ છે !

અશ્વત્થામાએ બ્રહ્માસ્ત્ર છોડયું હતું. અર્થાત્ આપણા મહાન પુર્વજો અણુબોંબ–પરમાણુ બોંબની ટેકનોલોજી જાણતા હતા. તેમ કહેવાય છે. હકીકતમાં તો તે વેળાના યુદ્ધોમાં તીર, ભાલા, તલવાર, ગદા, ચક્ર જેવા જ હથીયારો હતાં. તેમાં દૈવત્વ આરોપવા તેનૈ અગન્યાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર, શીતેષુ એવાં નામ આપવામાં આવ્યા છે. તેના આધારે, બેલાસ્ટીક મીસાઈલનું જ્ઞાન પુર્વજોને હતું. તેવો પોકળ દાવો કરવામાં આવે છે. મહાભારતનું યુદ્ધ કવીકલ્પનાની નીપજ છે. કેમકે નાના અમથા કુરુક્ષેત્રમાં અઢાર અક્ષોહીણી સેના કેવી રીતે સમાઈ શકે ? આપણા કથાકાવ્યોના કવીઓ, વાર્તાકારો કે નવલકથાકારો યુદ્ધને જોયા સીવાય જ કાલ્પનીક વર્ણન કરે છે.

વીષ્ણુના દશ અવતાર મત્સ્ય, કશ્યપ, વરાહ, નરસીંહ વગેરેને ડાર્વીનના ઉત્ક્રાંતીવાદ સાથે જોડવામાં આવે છે, પરંતુ વીવીધ પુરાણોમાં વીષ્ણુના ૧૨, ૧૬, ૨૨ કે ૨૪ અવતારોનું નીરુપણ છે. વીવીધ સમયે દેવો (અર્થાત્ આર્યો) અને તેમના વેદધર્મ પર અનાર્યોની આપત્તી આવતી ત્યારે વીષ્ણુને મત્સ્ય, વરાહ, નરસીંહ, વામનનો અવતાર લેતા દર્શાવ્યા છે. તેને ઉત્ક્રાંતી સાથે જોડી શકાય નહી.

આજકાલ તો આપણા ન્યાયધીશો, વરીષ્ઠ પોલીસ અધીકારીઓ પણ મોરના આંસુથી ઢેલ ગર્ભવતી થાય છે. ગાય ઉચ્છવાસમાં પ્રાણવાયુ છોડે છે. ગૌમુત્ર તમામ રોગોની ઔષધી છે...વગેરે ગપગોળા સાચા માને છે. હું ઈશ્વરમાં નથી માનતો, છતાં ભગવાન આવા મુર્ખ લોકોથી દેશને બચાવે તેમ કહેવાનું મન થાય છે.

(કીમમાં યોજાયેલ 'સાહીત્ય અને વૈજ્ઞાનીક અભીગમના આંતરસ્પર્ધા' શીબીરમાં રજૂ કરેલ વીચારો)


## સત્યશોધક સભાનાં પ્રકાશનો

(૧) વીજ્ઞાન અને અલૌકીક ઘટનાઓ રૂા. ૫૦ – ડૉ. બી. એ. પરીખ
(૨) ચમત્કારોની ભીતરમાં રૂા. ૩૦ – સીદ્ધાર્થ દેગામી
(૩) નવા વહેમો : વાસ્તુશાસ્ત્ર અને ફૅંગશુઈ રૂા. ૩૦ – ડૉ. બી. એ. પરીખ
(૪) આપણો માંદો સમાજ રૂા. ૩૦ – સુર્યકાન્ત શાહ
(૫) લગ્ન પહેલા અને પછી (બીજી આવૃત્તી) રૂા. ૩૫ –ડૉ. બી. એ. પરીખ
(૬) ડાર્વીનનો ઉત્ક્રાંતીવાદ : માનવીનું અવતરણ રૂા. ૩૫ –ડૉ. બી. એ. પરીખ
(૭) જ્યોતીષ વીજ્ઞાન નહીં, મીથ્યા કલ્પના રૂ. ૩૦ –ડૉ. બી. એ. પરીખ
(૮) જૈનોનું તર્કશુદ્ધ અજ્ઞાન રૂા. ૩૦/– –સુર્યકાન્ત શાહ

મેળવવા માટે મ. ઓ. કરો.

# સાહીત્ય અને વૈજ્ઞાનીક અભીગમના આંતરસંબંધો

**–સુર્યકાન્ત શાહ**

તા. ૯–૪–૨૦૨૩ ના રોજ કીમ એજયુકેશન સોસાયટીના પરીસરમાં સત્યશોધક સભા અને કીમ એજયુકેશન સોસાયટીના ઉપક્રમે એક નવતર શીબીર યોજાઈ ગઈ.



માનવજાત માટે કલ્યાણકારી શું અને શું નહીં તે તો સમજવાનું જ, પરંતુ રોજીંદા વ્યવહારમાં પણ તેવો જ અભીગમ રાખવો. કાર્યકારણના સંબંધો સમજવાને માટે વીજ્ઞાનની ધરતી પર આવવાનું રાખવું પડે. કલ્પનાના–માન્યતાના આકાશમાં ઉડવાથી અવૈજ્ઞાનીકતાના જ સંસ્કાર પડે. પ્રશ્નો પૂછવાનો સંશય કરવાનો સંસ્કાર ઉદ્દીપી કરવો પડે. આ બધું જો સમાજમાં મોટે પાયે થાય તો એનો પડઘો સાહીત્યમાં પડે. હમણાં આ પ્રમાણે નથી. પ્રાકૃતીક પરીબળોને પ્રકૃતીના પાયે સમજવાને બદલે એમાં કલ્વન ઉમેરી અપાર્થીવ તત્વોને ભજવાનું રાખવામાં આવ્યું છે. તેથી તેનો પડઘો આપણા સાહીત્યમાં પડે છે. આથી પ્રવર્તમાન સાહીત્યમાંનો વૈજ્ઞાનીક અભીગમ વ્યસ્ત સંબંધ છે. સાહીત્યમાં વૈજ્ઞાનીક અભીગમ તો ત્યારે જ પ્રવેશે કે જયારે સમાજ બીનસાંપ્રદાયીકતાને એક બંધારણીય જેગવાઈ તરીકે નહીં, પરંતુ દીલથી અપનાવે. આર્થીક ઉપરાંત સામાજીક–સાંસ્કૃતીક–અસમાનતા તોડવામાં આવે. સાહીત્યકારો પોતે જ આધુનીકતાના ખ્યાલને સમજે–અપનાવે. તેઓ પૌરાણીકતામાં સબડતા રહેશે તો સાહીત્યમાં વૈજ્ઞાનીક અભીગમનો પ્રવેશ અશકય છે.

ભરત મહેતાએ સાહીત્યના વૈજ્ઞાનીક અભીગમના ગરીબ સંબંધો પરત્વે અફસોસ વ્યકત કરી પ્રકૃતીના વર્ણનમાં પ્રકૃતીના જ સૌંદર્યને એના મુળ સ્વરુપે વર્ણવવામાં આવે અને તેમાં પોતાની કલ્પનાના અપાર્થીવ તત્ત્વને નાયક નહીં બનાવવામાં આવે તો વૈજ્ઞાનીક અભીગમ સાહીત્યમાં પ્રવેશે. સાહીત્યકારે લોકશાળામાં ભણવાનું રાખવું જોઈએ. તો તેનાં સર્જન આપોઆપ માનવકેન્દ્રી બને અને પછી તો એ વૈજ્ઞાનીક અભીગમને જ સમાવે. આ બાબતમાં પૌરાણીક કથાઓનો સહારો લઈને પણ સાહીત્ય અને વૈજ્ઞાનીક અભીગમના સાનુકુળસંબંધો બાંધી શકાય.

દ્રૌપદીના વસ્ત્રાહરણના પ્રસંગને સ્ત્રી સન્માનના મુલ્યે મુલવી શકાય. કૃષ્ણને વચ્ચે લાવ્યા વીના વીજેતાઓના અને તે પણ પુરુષોના મહીલાવીરોધી માનસને કેન્દ્રમાં

રાખીને સાહીત્યીક રચના થઈ શકે. અંધશ્રદ્ધાને–અવૈજ્ઞાનીકતાને અંધશ્રદ્ધાનો યુકતીપુર્વક ઉપયોગ કરીને દુર કરી શકાય.

એક વૈજ્ઞાનીક પ્રયોગશાળામાં કે આકાશમાં અભ્યાસો કરી જેમ કુદરતનાં રહસ્યોને ખોલે છે તેમ સાહીત્યકાર લોકશાળામાં લોકનો–માનવનો–તલસ્પર્શી અભ્યાસ કરીને વૈજ્ઞાનીક અભીગમને સાહીત્યમાં સ્થાન આપી શકે.

કેટલાંક અર્ધદગ્ધ કહેવાતા ભણેલા સંતો બનીને સાહીત્યમાં વીજ્ઞાનની દયા આવે તે રીતે કહેવાતા વૈજ્ઞાનીક અભીગમનો ઉપયોગ કરીને પોતાનો ઉલ્લુ સીધો કરે છે. આ લોકો પોતાના સ્વાર્થ માટે સમાજને પુષ્કળ નુકસાન કરે છે. આપણા વચ્ચે એવા પણ ધાર્મીક આગેવાનો છે કે જે વૈધવ્યના દુઃખોના પણ વૈજ્ઞાનીક (?) કારણો આપે છે ! આ સમાજવીરોધીઓના કાવતરાંનો સાહીત્યીક કૃતી દ્વારા પણ જવાબ આપવામાં આવે તો એ વૈજ્ઞાનીક અભીગમ જ છે.

પ્રમુખ સ્થાનેથી હીરેન ગાંધીએ નાટકો દ્વારા પણ વૈજ્ઞાનીક અભીગમનો ફેલાવો કરવાના મતને વ્યકત કર્યો હતો. આ સબબે આદીવાસી સંસ્કૃતીનો અભ્યાસ કરવો જરુરી હોવાનું એમણે જણાવ્યું. વીજ્ઞાનના વધતા દુરુપયોગનું કારણ આપતા એમણે જણાવ્યું કે દુરુપયોગ કરનારા પાસે બળ, બુદ્ધી અને દોલત ખુબ છે. વૈજ્ઞાનીક અભીગમનો આગ્રહ રાખનારા પાસે તે ઓછા છે. પરીણામે તેઓ પોતાની તાકાતનો ઉપયોગ કરી કૃતક વીજ્ઞાનસભર સાહીત્યીક રચનાઓ કરે છે.

પ્રશ્નોત્તરી દરમ્યાન એક ધ્યાનાકર્ષક હકીકત શ્રોતાઓના ધ્યાનમાં આવી કે વૈજ્ઞાનીકતા અને અવૈજ્ઞાનીકતાના બન્ને છેડા ભલે મહારાષ્ટ્રમાં અસ્તીત્વ ધરાવતા હોય તો પણ ત્યાં લોકઆંદોલનો વધારે થાય છે તેથી માણસને સમજવાનો મોકો સાહીત્યકારોને મળે છે, જે એમની રચનામાં વૈજ્ઞાનીક અભીગમને સ્થાન આપે છે.

ઉત્તમ પરમારે સૌનો આભાર માન્યો હતો.

---

**‘સત્યાન્વેષણ’નું વાર્ષીક લવાજમ (સત્યશોધક સભાના સભ્યપદ સાથે) રૂા. ૨૦૦ અને આજીવન રૂા. ૨,૦૦૦/– છે. મ. ઓ. કરો. જેઓ બેન્કમાં સીધા જમા કરાવવા માંગતા હોય તેઓ બેન્ક ઓફ બરોડા, પાર્લે પોઈન્ટ, સુરતના બચત ખાતા નં. 02580100015605, IFSC = BARB0PARLEP માં જમા કરાવી શકે છે. તેઓ જમા કર્યાનું કાઉન્ટર અત્રે મોકલાવે, અથવા મો. નં.–૯૯૭૮૮ ૯૬૩૬૪ પર ફોટો મોકલે.**

## સત્યશોધક સભાની વાર્ષીક સામાન્ય સભા

પ્રતી,

તમામ સભ્યો,

સત્યશોધક સભાની વાર્ષીક સામાન્ય સભા તા. ૨૪–૯–૨૦૨૩ ને રવીવારે સવારે ૯.૩૦ કલાકે નવસર્જન ટ્રસ્ટ, મજુરા ગેટ, સુરત મુકામે મળશે. જેમાં નીચેની કાર્યસુચી પર વીચારણા કરી નીર્ણયો લેવાશે.

૧. ગત વાર્ષીક સામાન્ય સભાની કાર્યવાહી

૨. ૨૦૨૨–૨૩ નો અહેવાલ.

૩. ૨૦૨૨–૨૩ ના હીસાબો.

૪. પ્રમુખ સ્થાનેથી....

નોંધાયેલા તમામ સભ્યોને હાજરી આપવા વીનંતી છે.

૪–૯–૨૦૨૩ **સુષ્મા ઐય્યર – જાદવ વેકરીયા**

મંત્રીઓ

---


સચરાચર સતત વીકસતુ અને ગતીશીલ છે. એના બધા તારા, તારાના ગ્રહો, ગ્રહોના ઉપગ્રહો બધાં જ ગતીશીલ છે. બધી જ નીહારીકાઓ એકબીજાથી સતત અંતર વધારતી જ જાય છે. એટલે પરસ્પરનુ ગુરુત્વાકર્ષણ ઓછું થતું જાય છે. આ બધું આપણને પ્રકાશનાં કીરણોમાં સમાવીષ્ટ લાલ રંગની વધ–ઘટને કારણે સમજાય છે.

* * *

સચરાચરમાં જે જડ તત્ત્વો છે તે જીવંત તત્ત્વોના બંધારણનાં પણ તત્ત્વો છે. આ આશ્ચર્યકારક હકીકત અપાર્થીવ એવા આત્મા–પરમાત્માની માન્યતાને ખોટા પાડે છે.

* * *

પૃથ્વી પર જે જીવંત તત્ત્વો છે તે કાર્બન, અને તેનો હાઈડ્રોજન, નાઈટ્રોજન, ફોસ્ફરસ અને ઓકસીજન સાથેના આંતરસંબંધ પર આધાર રાખે છે. આ બધા જૈવીક તત્ત્વો અને સીલીકોન જેવા બહુચર્ચીત તત્ત્વો બીગ બેન્ગ થયું ત્યારે એની સાથે સચરાચરમાં ફેંકાયા નહોતા. બીગ બેન્ગ પરથી તરત હાઈડ્રોજન અને હેલીયમ આણ્વીક (Nuclear) બળતણ પેદા થયું. તેમાંથી ક્રમશઃ ઉપર દર્શાવેલા વધારે વજનવાળાં તત્ત્વો બન્યાં. આ આખી પ્રક્રીયામાં આત્મા કે પરમાત્માનું સ્થાન જ નથી.




# આ પુસ્તીકામાંના કેટલાંક અવતરણો ધર્મનીરપેક્ષતા શું છે ?

ધર્મનીરપેક્ષતાનો ખ્યાલ આધુનીક નથી. ૧૯મી સદીમાં ૧૮૫૧માં જયોર્જ જેકબ હોલીયાકે સૌ પ્રથમ ધર્મનીરપેક્ષતા શબ્દનો વ્યવહારમાં ઉપયોગ કર્યો હતો. પરંતુ તે પુર્વનો ઈતીહાસ રસપ્રદ છે. પશ્ચીમમાં ૫ મી સદીથી છેક ૧૪ મી સદીના કાળને 'અંધકાર યુગ' ગણવામાં આવે છે. કારણકે તે સમયે ચર્ચનું રાજય અને લોકો પર પ્રભુત્વ હતું. જગત ઈશ્વર નીર્મીત છે, રાજયની અને તમામ માનવ પ્રવૃત્તીઓ ઈશ્વરના ઈશારે થાય છે તે લોકમાન્યતા પ્રચલીત હતી. પ્રજાજનોને ખ્રીસ્તી ધર્મ સીવાય અન્ય કોઈ ધર્મ અપનાવવાનો મનાઈ હતી. લોકો ત્રાસી ગયા હતા. પરંતુ રાજયની આજ્ઞા વીરુદ્ધ જો કોઈ અન્ય ધર્મનો સ્વીકાર કરે, તો તેને અનેક યાતનાઓ સહન કરવી પડતી અથવા તેને મૃત્યુના મુખમાં ધકેલી દેવામાં આવતો.

૧૪ મી સદીમાં રેનેસા (પુર્નજાગરણ)નો આવિર્ભાવ થયો. આ પ્ર્ક્રિયા ઘણી લાંબી ચાલી. ધર્મસુધારણા, પ્રબોધન (enlightenment) યુગ તેમજ વીજ્ઞાનનો વીકાસ થવા પામ્યો. ૧૪ મી સદીથી ૧૯ મી સદી પાંચસો વર્ષના ગાળામાં પશ્ચીમની દુનીયાનૈ નવા રંગો લાગ્યા. ધર્મની પકડમાંથી મુકત થવાની કોશીષ સફળ થઈ. ૧૬ મી સદીમાં કોપરનીકસ નામના વૈજ્ઞાનીકે પ્રથમવાર જાહેર કર્યું કે સુર્ય પૃથ્વીની આસપાસ ફરતો હોવાની બાઈબલત્ની માન્યતા સાચી નથી. ખ્રીસ્તી ધર્માચાર્યોને કોપરનીકસની આ શોધથી આંચકો લાગ્યો. તેમણે કોપરનીકસની પ્રતાડના શરુ કરી. કોપરનીકસ વ્યવહારુ હતો. તેણે માફી માંગીને પોતાની લીલા સંકેલી લીધી. ૧૭ મી સદીમાં ન્યુટને ગુરુત્વાકર્ષણ નીયમની શોધ કરી અને ફરી ધર્માચાર્યોએ આંચકો અનુભવ્યો. આ જ ગાળામાં ગેલેલીયોએ

પણ ટેલીસ્કોપની શોધ કરી અને પોતાની શોધના અંતે જાહેર કર્યું કે સુર્ય પૃથ્વીની આસપાસ ચક્કર લગાવતો  હોવાની બાઈબલની માન્યતા અસત્ય છે. ધર્મતંત્ર તરફથી ગેલેલીયોને નજરકેદની સજા કરવામાં આવી અને ગેલેલીયો પણ થોડા સમય બાદ માફી પ્રસ્તાવ રજુ કરી કેદમાંથી મુકત થયો.

૧૬મી સદીમાં ઈટાલીના મેકાઈવલી તેમ જ ૧૭ મી સદીમાં જહૉન લોકેએ ઈશ્વરીય કાનુનના બદલે રાજય રચીત કાનુનની જરૂરીયાત પર ભાર મુકયો. ૧૮ મી સદીમાં ડેવીડ હ્યુમ તથા કાન્ટ નામના દાર્શનીકોએ સંશયવાદનો ખ્યાલ (Concept of agnosticism) વીકસાવ્યો. તેમંના મત મુજબ વૈજ્ઞાનીક પુરાવા વગર કોઈ મતનો સ્વીકાર કરવો જોઈએ નહીં. માનસ બંને તરફ ખુલ્લું રાખવું જોઈએ. કોઈપણ વાત ત્યારે જ સ્વીકારવી કે જયારે તેનો વૈજ્ઞાનીક આધાર પ્રાપ્ત થાય. બાકી માનસ બીનજરૂરી સંશયો કે પુર્વગ્રહોથી મુકત રહેવું જોઈએ. ૧૯ મી સદીમાં ચાર્લ્સ ડાર્વીનના ઉત્ક્રાંતીવાદના સીદ્ધાંતથી તો હડકંપ મચી ગયો. ડાર્વીને જાહેર કર્યું કે વીશ્વની રચનામાં ઈશ્વરનો કોઈ હાથ નથી. ઉત્ક્રાંતીથી જ માનવ આજે વીકાસના આ તબકકે પહોચ્યો છે. ડાર્વીનનો ઉત્ક્રાંતીવાદ વીશ્વંના ખુણેખુણામાં ઝડપથી ફેલાયો. પરીણામે પશ્ચીમના દેશોમાં ધર્મનું વર્ચસ્વ ઘટતું ગયું.

૧૯ મી સદીમાં ઓગસ્ટે માનવવાદ (Humanism) નો ખ્યાલ રજુ કર્યો. તેની રજુઆત એ હતી કે સમગ્ર માનવજાત એક જ છે. માનવનું આફ્રીકન, ચાઈનીઝ, યુરોપીયન, મેંગોલીયન, ભારતીય વ. વીભાજન માત્ર ભૌગોલીક પ્રદેશોના આધારે થયું છે. જર્મનીના કાર્લ માર્કસે તો ધર્મનો જબરદસ્ત વીરોધ કર્યો હતો. કાર્લ માર્કસે ધર્મને અફીણ સાથે સરખાવેલ છે. કાર્લ માર્કસની અસરવાળા સામ્યવાદી દેશોમાં ધર્મને કોઈ સ્થાન નથી. ૧૯૧૭માં રશીયન ક્રાંતી બાદ રશીયામાં હજારો ચર્ચો તોડી નંખાયા હતા. પાદરીઓને દેશવટો આપવામાં આવતો હતો યા તેમને મોતને ઘાટ ઉતારવામાં આવતા હતા.

ઈંગ્લેન્ડના જહૉન ઓસ્ટિને તો સ્પષ્ટપણે ઈશ્વરીય કે દૈવી કાનુનનો ઈન્કાર કરી રાજય (માનવ) રચીત કાનુનની તરફેણ કરી. તેણે કહ્યુંકે દરેક કાનૂન રાજયની આજ્ઞા છે અને પ્રજાજને તેનું પાલન કરવું ફરજીયાત છે. તેનો ભંગ કરનારને અદાલત શીક્ષા કરે

છે. કાયદાશાસ્ત્રમાં ઓસ્ટિનની કાનુનની આજ્ઞાત્મક વીચારસરણી (Positive Theory of Law) ખૂબ પ્રચલીત છે.

* * *

૨૦૦૨માં ગાંધીનગર સ્વામીનારાયણ મંદીર પર આતંકવાદીઓએ હુમલો કર્યો ત્યારે મંદીરના બે સાધુઓ ગોળી વાગવાથી મૃત્યુ પામ્યા હતા. મંદીરે જાહેર કર્યું કે ઈશ્વરને ત્યાં જરુર હતી તેથી બોલાવી લીધા હતા. જયારે રાજયે બંને આતંકવાદીઓને ઠાર કર્યા હતા.

ધર્મનીરપેક્ષ રાજય માને છે કે સમગ્ર બ્રહ્માઅંડનું સંચાલન કોઈ દૈવી કે ઈશ્વરીય શકતીના આધારે નહીં, પરંતુ વીજ્ઞાનના નીયમોના આધારે થઈ રહયું છે. ધર્મનીરપેક્ષ રાજય માને છે કે પ્રજાના વહીવટી, આરોગ્ય કે પરીવહન, શીક્ષણના પ્રશ્નો વીજ્ઞાનની મદદથી જ ઉકેલી શકાય.

વૈજ્ઞાનીક માનસ સાહસીક માનસ ધરાવે છે. વૈજ્ઞાનીક કયારેય સત્યનો એ કારણસર અસ્વીકાર કરતો નથી કે તેનો સ્વીકાર કરવાથી સ્થાપીત વીચારસરણી સાથે સંઘર્ષ થશે.

* * *

વૈજ્ઞાનીક અભીગમ ધરાવતી વ્યકતી તર્કમાં વીશ્વાસ રાખે છે. જીજ્ઞાસા–કુતુહલવૃત્તી વૈજ્ઞાનીક અભીગમની પાયાની શરત છે. વૈજ્ઞાનીક અભીગમ ધરાવનારને સાબીતી–પ્રમાણમાં વીશ્વાસ હોય છે. તે એમ માને છે કે સત્ય પ્રમાણીત થઈ શકે. આ પ્રમાણ પણ પ્રત્યક્ષ કે પરોક્ષ પ્રમાણ, શબ્દ પ્રમાણ ચાલે નહીં.

વૈજ્ઞાનીક અભીગમ ધરાવતી વ્યકતી પ્રત્યેક પ્રસંગને પોતાનો અભીપ્રાય ચકાસવાની તક સમજે છે. વૈજ્ઞાનીક અભીગમ સ્વતઃસંપુર્ણ નથી. એ જયાં સુધી સમજ પડી છે ત્યાં સુધીના સત્યની તે વાત કરે છે. કોઈ અનુભવ પરથી જે તેનો અભીપ્રાય બદલાય, તો તરત જ તે સ્વીકારી લે છે અને તેની જાહેરાત પણ કરે છે.

* * *

* રાજયને પોતાનો કોઈ ધર્મ હોતો નથી

ધર્મ હંમેશા પરલોક કલ્યાણની વાત કરે છે. રાજયને તેની સાથે કોઈ નીસ્બત

નથી. રાજય માનવ–માનવ વચ્ચેના ઈહલોકના સંબંધોની ચીંતા કરે છે. ધર્મનીરપેક્ષ રાષ્ટ્રને વ્યકતીના ઈશ્વર સાથેના સંબંધો સાથે નીસ્બત નથી.

* રાજય કોઈ ધર્મ કે ધાર્મીક પ્રવૃત્તીનું સમર્થન કરી શકે નહીં.
* સરકારી શીક્ષણ સંસ્થાઓમાં ધાર્મીક શીક્ષણ પર પ્રતીબંધ.
* સરકારી કરવેરાના નાણાં ધાર્મીક પ્રવૃત્તીના સમર્થન માટે ખર્ચી શકાય નહીં.
* ધર્મનીરપેક્ષ રાષ્ટ્રમાં દરેક વ્યકતીને ધર્મ સ્વાતંત્ર્યનો અધીકાર.

* * *

એક કેસમાં ઠરાવાયેલ છે કે આઝાન ઈસ્લામ ધર્મનોઆંતરીક ભાગ છે. પરંતુ તે સમયે લાઉડસ્પીકરના ઉપયોગ પર નીયંત્રણ મુકવામાં આવે તો તેનાથી અનુચ્છેદ ૧૪,૧૯ (૧) (A) અનુચ્છેદ ૨૫ નો ભંગ થતો નથી.

રાજય ધર્મના કારણસર કોઈપણ વ્યકતી સાથે ભેદભાવ કે પક્ષપાત કરી શકે નહીં. ધર્મ નીરપેક્ષ રાજયની, શાસનમાં વૈજ્ઞાનીક અભીગમ કેળવવાની પણ ફરજ છે. એટલે કે રાજયે માત્ર હકીકતો, ચકાસણી અને પ્રયોગના અનુભવના આધારે જ નીર્ણયો લેવા જોઈએ.

**:: પુસ્તીકા મેળવવા માટેનું સરનામું ::**
બનાસકાંઠા જીલ્લા અંધશ્રદ્ધા નીર્મુલન સમીતી
C/O ગીરીશ સુંઢીયા, ૬૯/૨, ચાણકયપુરી સોસાયટી, હનુમાન ટેકરી,
આબુ હાઈવે, પાલનપુર–૩૮૫ ૦૦૧. મો – ૯૪૨૬૬ ૬૩૮૨૧
Email : girisundhiya62@gmail.com

## નાનો શો અપવાદ મોટી ઘટના સર્જી શકે

કલ્પી લો કે ઊંચાઈવાળી એક જગ્યાથી પાણીનો રેલો નીકળે છે. એને કોઈ વીઘ્ન નડશે નહીં ત્યાં સુધી એ એક સરખો એક જ દીશામાં સમાન ગતીએ વહેશે. એટલામાં જો એ ઊંચાઈથી પડે એટલે કે ધોધ બને ત્યારે એની આ સમાનતા મટી જાય છે. શરુઆતની અસમાનતા તો નાની હશે. એના સમાન વહેણમાં આ નાની શી અસમાનતા–અપવાદ મોટી ઘટના બની જશે. કદાચ બે–ત્રણ નદીઓ બનશે અને જુદી જુદી દીશામાં પોતપોતાની ગતીએ આગળ વધશે. એ રેલાનો કયો ભાગ કોની સાથે જશે એ ખાત્રીપુર્વક કહી શકાતું નથી. આ ભાગો જાણે પોતપોતાની ઈચ્છા પ્રમાણે પોતાનું સ્થાન પસંદ કરી લે છે ! આ પસંદગીને આંકડાશાસ્ત્રમાં યદેચ્છ (Random)થી ઓળખવામાં આવે છે.

# રેશનાલીઝમમાં વીક્ષેપ પાડનારાઓને

**–એન. વી. ચાવડા**

ધર્મ અને ઈશ્વરને નામે વ્યવસાય કરનારા સ્થાપીત હીતોના ખોળામાં આળોટનારાં કેટલાંક ગુજરાતી લેખકો પોતે રેશનાલીસ્ટ ન હોવાં છતાં સવાયા રેશનાલીસ્ટ બનીને રેશનાલીઝમ વીષે જાતજાતના બાલીશ અને બુદ્ધીહીન મંતવ્યો સતત આપતા રહેતા હોય છે. એક તરફ તેઓ રેશનાલીઝમને શ્રેષ્ઠ જીવન પદ્ધતી તરીકે નવાજતા હોય છે, પરંતુ બીજી તરફ પોતે રેશનાલીસ્ટ બનવાથી દુર રહેતા હોય છે. એક તરફ તેઓ પોતાને અજ્ઞેયવાદી કહેતા હોય છે, અને બીજી તરફ તેઓ ઈશ્વર અને આસ્થાનો પક્ષ ખેંચીને પોતે ઈશ્વરવાદી હોવાનો પુરાવો આપતા હોય છે. એક તરફ તેઓ ઈશ્વરની ચર્ચા નહીં કરવાની હીમાયત કરતા હોય છે, અને બીજી તરફ તેઓ વારંવાર ઈશ્વરની ચર્ચા કરતા રહેતા હોય છે. એક તરફ તેઓ ઈશ્વર છે કે નહીં તેની શોધ વીજ્ઞાનના હાથમાં છે તેથી વીજ્ઞાન તેનો નીર્ણય ન જણાવે ત્યાં સુધી નાસ્તીકોને ઈશ્વરનો ઈન્કાર કરવાની ના પાડે છે, પરંતુ તે જ વખતે તેઓ ઈશ્વરના પ્રચારકોને એવું સુચન કરવાની હીંમત દર્શાવી શકતા નથી. ઉપરાંત પેટ ભરવા માટે ભીખારીઓ ઈશ્વર વીશે જેવા ગપગોળા ચલાવતા હોય છે. એવા જ નીત્ય નવા ગપગોળાઓ તેઓ ઈશ્વર વીષે ગબડાવતા રહેતા હોય છે. એક તરફ તેઓ શ્રદ્ધાળુ વૈજ્ઞાનીકો ઈશ્વર વીશે શું કહે છે, તેની વાતો કરતા હોય છે, પરંતુ અપવાદરુપ વૈજ્ઞાનીકો ઈશ્વર વીશે શું કહે છે તે વીશે તેઓ ચુપ રહે છે. એક તરફ તેઓ રેશનાલીસ્ટ બનતા હોતા નથી અને બીજી તરફ તેઓ રેશનાલીસ્ટોને માર્ગદર્શન આપવાની નાદાનીયત કરતા હોય છે.

આમ જેને ખબર જ નથી કે પોતે શું છે અર્થાત્ પોતે આસ્તીક, નાસ્તીક, અજ્ઞેયવાદી કે રેશનાલીસ્ટ છે એની ખબર જ નથી એવા અનીશ્ચીતતામાં આળોટનારા, દ્વીધામાં અટવાયેલા, સ્થીરતા વીનાના અને સ્થાપીત હીતો પરત્વે કુણી લાગણી રાખનારા અથવા તેમનાથી ડરનારા લેખકો જયારે રેશનાલીઝમ વીષે બીદ્ધીહીન બકવાસ કરીને રેશનાલીઝમની શુદ્ધ વૈજ્ઞાનીક અને માનવવાદી વીચારધારામાં પ્રદુષણ ફેલાવી તેને વીકૃત અને નીર્બળ બનાવવાના મલીન પ્રયાસો કરતાં રહેતાં હોય છે, ત્યારે લાગે છે કે આ લેખકોની કોલમો અખબારોમાં સ્થાપીત હીતોની તેમની ચાંપલુસીને કારણે જ ચાલતી હોવી જોઈએ. જો તેઓ સાચા અને પ્રમાણીક હોય તો તેમણે રેશનાલીઝમની વીશુદ્ધ વીચાધારાનો જ પ્રચાર કરવો જોઈએ. ઈશ્વર અને આસ્થાને અપનાવી દુધ અને દહીં બન્નેમાં પગ નહીં રાખવો જોઈએ.

**સત્યાન્વેષણ**

RNI, Delhi, Regd. No. GUJ GUJ/2009/30348 Posted under Registration License No. SRT-716/2019-2021 (with prepayment of postage)

## જાદવ પુછે છે :

–સુર્યકાન્ત શાહ

આપણા એક મંત્રી

જાદવ પુછે છે :

ધાર્મીક કટ્ટરવાદ અને રેશનાલીઝમ કટ્ટરવાદમાં ફરક શું છે ?

પહેલા કટ્ટરવાદને સમજીએ. માત્ર પોતાનો મત જ નહીં, પરંતુ પોતાની રજુઆત પણ સાચી છે અને તેનો જ અમલ થવો જોઈએ એવો દુરાગ્રહ રાખીને સામુહીક કત્લેઆમ અને સામુહીક બળાત્કારની હીંસા સુધી જઈ શકે તેવું વર્તન તે કટ્ટરવાદ. કેટલીકવાર આવા કટ્ટરવાદીઓને રાજકીય સત્તા મળી જાય છે ત્યારે તેઓ રાજયના માનવ અને ભૌતીક સાધનોનો ઉપયોગ કરીને પોતાના અને અન્ય દેશોમાં પણ જઈને હીંસાનો માહોલ ઉભો કરી પોતાના મત અથવા રજુઆતને લોકો પર ઠોકી બેસાડે છે.

ધર્મનો આખો પાયો અવાસ્તવીક છે. એમાં માત્ર માન્યતા, અભીપ્રાયો અને મતમતાંતરો છે. આ બધું મોટે ભાગે સત્યથી વેગળુ હોય છે. આથી એના ઠેકેદારો લાલચ અને ભયની મદદથી પોતાની વાત લોકો પર ઠોકી બેસાડતા હોય છે. મોટા ભાગની પ્રજા એમનો શીકાર બને છે. પોતાની વાત જ શ્રેષ્ઠ હોવાનો એમનો એક વધારાનો દાવો હોય છે. આથી તેઓ ગળાકાપ સ્પર્ધામાં ઉતરે છે. અન્ય ધર્મીઓને ગમે તેમ કરીને નીચા પાડવાથી માંડી કતલ કરવા સુધી તેઓ જયારે પહોંચે છે ત્યારે તેઓ કટ્ટરવાદી બને છે. આમ, પોતાના ધર્મના મત તેમ જ માન્યતાને શ્રેષ્ઠ પુરવાર કરવા માટેની વૃત્તી ધાર્મીક કટ્ટરવાદ છે.

રેશનાલીસ્ટો કટ્ટરવાદી હોઈ શકે જ નહીં. જો તેઓ કટ્ટરવાદી બને તો તેઓ રેશનાલીસ્ટ રહે નહીં. માનવકેન્દ્રીતા, વૈજ્ઞાનીક અભીગમ અને ઘટનાને પુર્વગ્રહરહીત મુલવવાં જેવાં લક્ષણો રેશનાલીઝમનાં છે. ગરબડ ત્યાં થાય છે કે જયારે નાસ્તીકોને રેશનાલીસ્ટ માની લેવામાં આવે છે. બધા રેશનાલીસ્ટો નાસ્તીક હોય જ, પરંતુ બધા નાસ્તીકો રેશનાલીસ્ટ હોતા નથી. આ પુર્વેના 'સત્યાન્વેષણ'ના અંકમાં જણાવ્યું છે તેમ પુતીન નાસ્તીક છે, પરંતુ રેશનાલીસ્ટ નથી. આથી પુતીન જેવા નાસ્તીકો જયારે કટ્ટરવાદી બને છે ત્યારે ગેરસમજ થાય છે કે તે રેશનાલીસ્ટોનો કટ્ટરવાદ છે. રેશનાલીસ્ટો રેશનાલીઝમના પ્રચાર–પ્રસાર માટે માત્ર સમજાવટ, દલીલો અને હકીકતોના વીશ્લેષણનો આશરો લે છે. પ્રતીપક્ષ સમજે, સ્વીકારે તો એ મહત્તમ આનંદ પ્રાપ્ત કરશે. અન્યથા એમની જે પસંદગી હોય તે.

**માલીક સત્યશોધક સભા વતી મુદ્રક અને પ્રકાશક સુર્યકાન્ત શોભાગચંદ શાહે અગ્રવાલ ટ્રસ્ટ, રંગીલદાસ મહેતાની શેરી, ગોપીપુરા, સુરત–(ગુજરાત), ખાતે 'સત્યાન્વેષણ' છાપ્યું અને પ્રસીદ્ધ કર્યું. મુખ્ય સંપાદક : સુર્યકાન્ત શાહ**